૫૬૭૯

સામાયક વૃત.

મુળ અર્થ તથા પ્રશ્નોતર સાથે.

જીજ્ઞાસુ શ્રાવકજનો માટે.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ગાંધી નરસીદાસ મુળજી

તથા

ત્રવાડી રેવાશંકર હાઉજી.

ભાવનગર.

અમદાવાદ.

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં

એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ "પ્રેસમાં"

નથુભાઇ રતનચંદ મારફતિયાએ છાપ્યો.

સંવત ૧૯૪૯—સન ૧૮૯૩.

કિંમત રૂ૦—૩—૦

(ત્રણ આના)

સુજ્ઞ વિવેકિઓ ? જરા નિચેના લખાણ- પર ધ્યાન આપો.

અભ્યાસ કરનારે પ્રથમ સામાયકનો મુળપાઠ સિખનવો, ને પછી મુળપાઠ સાથે અર્થ જોડતાં શિખવું; અને છેવટ મુળ પાઠ ન બોલતાં એકલો અર્થ બોલતાં શિખવુ. અને તેમાં જ્યાં અલ્પ અર્ધ ને પુરણ તથા આશ્ચર્ય ચિન્હ મુકેલા છે ને મુખ્ય વિરામ લઇ અર્થ બોલવાથી સમાયક સંબંધી સર્વ ભાવાર્થ સમજી લેવામાં ઘણી સુગમતા પડશે.

પઠ કરી રહેવા બાદ કલાસ અનુક્રમથી ભરવો અને વિદ્યાર્થીઓને બિજા ભાગમાંથી હમેશાં દસદસ સવાલ જવાબ પુછીને તેની ધારણા થવા માટે અભ્યાસ રખાવવો તેમ કરવાથી ફાયદો છે.

આજ કાલ સ્વધર્મજ્ઞાન શિખનાર તથા શિખવનારનો એવો રીવાજ માલમ પડે છે કે સામાયક પડિક્કમણાનો અભ્યાસ ત્વરાથી કરીને ટુંક મુદતમાં બોલચાલ વિગેરે જ્ઞાન પ્રસિદ્ધતા મેળવીએ પણ વિવેકીએ ખાસ યાદ રાખવાનુ છે કે પોપટીયા જ્ઞાનથી ધર્મ સબંધિ કાંઇ પણ જ્ઞાન પ્રાપ્ત થતુ નથી. માટે જેજે ધર્મજ્ઞાન સંપાદન કરવું તેમાં પુરતો લક્ષ આપીને દિર્ઘદ્રષ્ટિથી તેનો તત્વાર્થ સમજી લેવા પછી વધારે જ્ઞાન મેળવવા આગળ પડવું. એવી મારી વિજ્ઞપ્તી.

લી. સ્વજન સંતની તથા જ્ઞાનધર્મની
સલામતિ ઇચ્છનાર.
સેવક.

શીખનારને અગત્યની સૂચના.

પ્રિય, વાંચનારા! અનંતકોટી જન્માંતરો નિરર્થક ગયા; અને છેવટ આ દુષ્મ[1] કાલના ખેદકારક સમયમાં આવી મનુષ્ય જન્મ પ્રાપ્ત કર્યું. પણ હજુ પૂર્વ કર્મ બળવાન હોવાને લીધે, અજ્ઞાન, કસાય, તથા અસુભ જોગમાં જોડાઇને અનેક દુર વ્યસનો સેવવામાં મચી રેહેવાથી નીચા ઢાળ તરફ દોડી જતો આત્મા અટકતો નથી. માટે તેવાજ કારણુથી સમકીત જ્ઞાન ધર્મનું આરાધન કરવામાં વીમુખ રહેલો હતો. અને હજી પણ તેવીજ રીતે વિમુખ રહેલો હોવાથી પુનર જન્મોની વૃદ્ધિ કરવા માટે હમેશાં દુરાચરણો સેવ્યા કરે છે. તે જેવાં કે કામ ક્રોધ મોહ મત્સર માયા મમતા લોભ લાલચ આશા તૃષ્ણા વગેરે દુર વ્યસનો તેમાં પ્રવર્તીને અમુલ્ય રત્ન તુલ્ય મનુષ્ય જન્મનું શાર્થક કરી શકતો નથી. વળી એવીજ પ્રવર્તીને લીધે ભવ રૂપી સમુદ્રના જન્મ મરણ રૂપી અગાધ જળીના પ્રવાહમાં સુસક પત્રની રીતે ઘસડાઇ અતિ દુ:ખને પાત્ર થાય છે. માટે હવે પછી એવા દુ:ખને પાત્ર નહીં થવા અને પોતાની અશાધ્ય[2] વૃત્તિને શાધ્યમાં[3] લાવવા તથા મળેલા જન્મનો સાર્થક હાંસલ કરવા, ધર્મગુર દ્વારાએ શાસ્ત્ર બોધનું શ્રવણ કરીને મનન કરવા સાથે અસત્યનો ત્યાગ કરી સત્ય ધર્મનું આરાધન કરવું કે જેથી ફરીને ભવરૂપી સમુદ્રમાં ધસી ન પડાય.

1 પાંચમો આરો. 2 અજ્ઞાન. 3 જ્ઞાનમાં.

ભવરૂપી સમુદ્રમાંથી પોતાનો બચાવ કરવા તથા પોતાના ઉત્તરોત્તર ધર્મમાં પ્રવેશ કરવાની ખાતર પ્રથમ વિનય પૂર્વક વિવેકથી જ્ઞાન ગ્રહણ કરવું. સબબ કે વિનયને વિવેક છે તે જ્ઞાન તથા ધર્મમાં વૃદ્ધિ કરવાનો મુખ્ય હેતુ છે. માટે જ્ઞાન લેવાની ખાતર જીજ્ઞાશુ શિષ્યે; જરૂર સદ્ભક્તિ ભાવથી પ્રેમપૂર્વક શેવા બજાવી સદ્ગુરૂની કૃપા સંપાદન કરવી; કેમકે ગુરૂ સેવા કરવી એ શિષ્યોનું પરાપૂર્વનું ધર્મ છે. ગુરૂ સેવામાં મન ચોરનાર શિષ્યને જ્ઞાનની પ્રાપ્તી થતી નથી, માટે યાદ રાખવું કે ગુરૂએ શેવ્ય અને શિષ્ય એ સેવક છે. એમ સમજી ગુરૂને કોઇ પણ જાતનો કિંચિત્ત શ્રમ ન પડવા દેતા તેમનું ઇચ્છિત કાર્ય કરી પોતા ઉપર તેમનું મન સંતુષ્ટ રખાવવું, તે ગુરૂની શેવા તથા વિનય કર્યું કહેવાય છે. અને તેવીજ રીતના વિનયથી ધર્મ ગુરૂઓનું અંતઃકરણ સંતુષ્ટ રહે છે; વળી તેવી રીતે સંતુષ્ટ થવાના આવેશમાં ગુરૂ પોતાની ઉદારતા બતાવી જ્ઞાન ગ્રાહક શિષ્યને યથાયોગ્ય જ્ઞાન સંપાદન કરાવવા કદી ચુકે નહિ. એટલુંજ નહિ પણ અનંતકાળથી અજ્ઞાનને લીધે જડાઇ ગયેલા હૃદયરૂપી કપાટને ખોલી આત્મજ્ઞાનનો અખુટ ખજાનો બતાવી આપે છે. માટે આત્મ કલ્યાણની ઇચ્છાએ જ્ઞાન ગ્રહણ કરનાર સર્વ વિદ્યાર્થીઓએ નિરમાન્યતા સાથે પ્રથમથી ગુરૂનું વિનય કરવું. સબબ કે જૈનધર્મનું મુળ વિનય છે; અને એવા વિનય વિના વિદ્યાની પ્રાપ્તી થતી નથી. દૈવયોગે બુદ્ધિના બળથી વાચ્ક જ્ઞાન મેળ-

વે તો તેનો યથા યોગ લાભ નહિ લેતાં તેનો ગેરઉપયોગ કરે છે; તેથી તેનું નામ જ્ઞાન પ્રાપ્ત કર્યું ગણાય નહિ. માટે વાચક વર્ગે જ્ઞાન મેળવવાની ખાતર અવિવેક તથા અવિનયનો ત્યાગ કરી વિવેક પૂર્વક વિનય કરવો. સબબ કે વિનય કરવામાં અગણિત ફાયદા છે. જેવા કે વિનય કરનારો ગુરૂની કૃપાથી અપૂર્વક જ્ઞાનની પ્રાપ્તી મેળવી શકે છે. અને તેવા જ્ઞાનથી સત્યા સત્યનું નિર્ણય થવા રૂપ સમ્યક્ત અર્થાત સર્ધા દ્રઢ કરી શકે છે. સર્ધા દ્રઢ થવાથી ચારિત્ર ગુણની પ્રપ્તી મેળવી શકે છે. ચારિત્રની શક્તિ વડે નવા કર્મની આવકને અટકાવી શકે છે. તેમ થવા બાદ (નિરજરા) અર્થાત બાંધેલા કર્મોને ક્ષય કરવા સાથે સ્વર્ગ તથા મોક્ષની પ્રાપ્તી કરી શકે છે.

ઉપરની બાબતમાં લક્ષ પૂર્વક વિચાર કરીને વિદ્યા વિલાશીઓએ જૈનશાળાના હાજરી પત્રકમાં પોતાના નામની નોંધ આપી નિરંતર જ્ઞાન મેળવવા ઉત્સુક રહેવું.

મારો હેતુ.

જ્ઞાનની સહાયતા મેળવીને પોતાના કલ્યાણ માટે ઉપદેશમાં જે જે ધર્મ સબંધી નિત્ય કર્તવ્યો કરવા બતાવેલાં છે તે તે કર્તવ્યો કરી પવિત્ર થવું. અને તે નિત્ય કર્તવ્યોને માટે ગ્રંથકારોએ બેહદ કથન કરેલું છે; પરંતુ ગ્રંથની ગૌરવતા થવાના ભયથી ટુંકામાં એટલુજ કે પહેલું કર્તવ્ય ગુરૂના દર્શન કરી તેમની કૃપા મેળવવા માટે યથા યોગ સેવા કરવી. બીજું કર્તવ્ય સદ્ગુરૂના વચનપર દ્રઢ વિશ્વાસ

રાખવો. ત્રીજું કર્તવ્ય એક જૈનધર્મનું અનુસરણ કરવું. ચોથું કર્તવ્ય સાધુ તથા સજ્જનની સંગત કરવી. પાંચમું કર્તવ્ય વિસય સુખને આધીન ન થવું. છઠું કર્તવ્ય શત્રુઓને મિત્ર કરવા. સાતમું કર્તવ્ય ઉપાધી વધારવી નહિ. આઠમું કર્તવ્ય નિરંતર સારા સારનો વિચાર કરવો. અને નવમું કર્તવ્ય પ્રાણી માત્રપર દયા તથા નમ્રતા રાખવી. દશમું કર્તવ્ય સિદ્ધ પદનું પોતાના આત્મા સાથે એકત્રભાવે મુકાબલો કરી નિરંતર ધ્યાન કરવા સાથે તેનાપર દ્રઢ આસ્તા રાખી સંસારથી વિરક્ત ભાવે વર્તવું તે સિવાય બીજા કર્તવ્યો એક અસત્ય, ચોરી, પરસ્ત્રી ગમન, રાત્રી ભોજન. બાર પરબી લીલોતરી, તથા બ્રહ્મચર્ય, કંદમુળ બાવીશ અભક્ષ, અને બત્રીશ જાતની અનંતકાય, અર્થાત અનંતા જીવવાળી વનસ્પતિનું, તથા માયા,[1] મફર,[2] મધ, માખણ, મદીરા,[3] પરમૂતિકા,[4] ગાંજો, ભાંગ વગેરે જે ચીજોનું ભોગોપભોગ કરવાથી ધર્મ જ્ઞાનને હાની પહોંચે, તેવા દુરવ્યસનોનો ત્યાગ કરવો., વળી સંસારીક વ્યવહારના ચાલતા પ્રસંગમાંથી વખત બચાવી સામાયક વ્રત આદરવું, અને તે દર્મિયાન નવા નવા ધર્મ પુસ્તકો વાંચી સાર ગ્રહણ કરવો. ધાર્મિક વ્યવહારની સુદ્ધીને માટે નિયમ પ્રમાણે પવિત્ર વસ્ત્રો, તથા મુખ વસ્ત્રીકા ગુચ્છા, કટાશણા વગેરે ધર્મોપકર્ણો રાખવા. પરંતુ તેઓનો ગેરઉપયોગ[5] કરવો નહિ. શરીર

1 લીલાગરનો ધુટો. 2 માજમ. 3 દારૂ. 4 પરમાટી. 5 મુહપત્તિ, નોકરવાળી આનુપૂર્વિ એ ત્રણને ખોખા વ-

તથા વસ્ત્રોની પવિત્રતા સાથે જ્ઞાન અભ્યાસ કરવો અભ્યાસના વખતમાં નકામો વખત ગુમાવવો નહિ ઉપરી વગેરે મિત્ર મંડળ સાથે સંપથી વર્તી તત્વારથ ગ્રહણુ કરવુ.

ઉપરની બાબતોપર પુરતું લક્ષ આપી વિવેક પૂર્વક ધર્મનીતિને રસ્તે દોરાવવું એ મારો હેતુ છે.

અમાં જુત્ત બાંધવા સબબકે કટાસણાપર બેસવુ તથા પગ મુકવા પડે છે. ગોછો રજોહરણો ગોઠણુ તળે તથા ઓશીકે મુકવો નહી. ધર્મોપગરણુ રખડતા મુકવા નહી.

શ્રી સામાયક વૃત.

સંપદા અંક (પાઠ ૧ નમોકાર મંત્રનો.)

નમો—નમસ્કાર કરૂં છું,

૧ અરિહંતાણં[1] *—આઠકર્મરૂપ શત્રુઓનો ક્ષય કરનાર અરિહંત દેવને. (જે કે બારગુણે કરી સહિત છે.)

નમો—નમસ્કાર કરૂં છું.

૨ સિદ્ધાણં*—સર્વ કાર્યની સિદ્ધ કરનાર સિદ્ધ ભગવંતને. (જે કે આઠ ગુણે કરીને સહિત છે.)

નમો—નમસ્કાર કરૂં છું.

૩ આયરિયાણં*—પાંચ આચાર પાળે ને પળાવે તેવા આચારજને. (જે કે છત્રીશ ગુણે કરીને સહિત છે)

નમો—નમસ્કાર કરૂં છું.

૪ ઉવઝાયાણં*—પોતે ભણેને બીજાને ભણાવે તે ઉપાધ્યાયજીને. (જે કે પચીશ ગુણેકરીને સહિત છે.)

નમો—નમસ્કાર કરૂં છું

લોએ—અઢીદ્વીપ રૂપ લોકને વિશે,

૫ સવ્વ સાહુણં*—વિતરાગ દેવની આજ્ઞા મુજબ ચાલનાર સર્વ સાધુજીને. (જે કે સતાવીશ ગુણે કરીને સહિત છે.)

* "અરિહંત" કર્મ શત્રુઓને ક્ષય કરવાથી કહેવાય.

---

૧ જંબુદ્વીપ. ધાતકી ખંડ, અર્ધ પુશ્કર દ્વીપ.

"અરિહંત" સર્વ ઇંદ્રોએ પુજવા અરચવાથી, અને "અરૂહંત" પુનઃ જન્માકુર ન ઉગવાથી કહેવાય.* પદ ૫, સંપદા ૫, અક્ષર ૩૫, ગુરૂ અક્ષર ૩, લઘુ અક્ષર ૩૨. જોડાક્ષરને ગુરૂ કહેવાય છે.

સંપદા અંક પાઠ ૨ જો તિખુત્તો અથવા વંદણા કરવાનો.

૧ તિખુતો*-ત્રણવાર.

આયાહિણું—બે હાથ જોડી જમણા કાનથી ડાબા કાન સુધી.

પયાહિણં—પ્રદક્ષિણા કરીને;

વંદામિ—વંદુછું, (સ્તવન કરૂં છું.) (તથા.)

૨ **નમંસ્સામિ***-પાંચ અંગ નમાવી, નમન કરૂં છું (તેમજ)

સક્કારેમિ—આદરમાન સહિત.

૩ **સમાણેમિ***-કલ્પતી[1] વસ્તુનું આમંત્રણ કરી સન્માન આપું છું. (કેમકે)

કલ્યાણં—હે સ્વામી, તમે કલ્યાણ કરનાર છો.

મંગળં—મંગળકારીછો.

દેવયં—સાક્ષાત્કાર ધર્મ દેવછો.

૪ **ચેઇયં***-જ્ઞાનગુણ સંપન છો. (તેથી)

૫ **પજ્જુવાસામી***-સેવા કરૂં છું (મન વચનને કાયાના શુભ જોગથી)

*પદ ૮, સંપદા૫ તેના નામ ૧ સ્તવન સંપદા, ૨ નમન, સં. ૩ સત્કાર; ૪ હેતુ; ૫ સ્વરૂપ; અક્ષર ૪૭ગુરૂ.

૫, લઘુ. ૩૮.

સંપદા અંક પાઠ ૩ જો ઇરિયા વહિયાનો.

૧ ઇચ્છામિ*-ઇચ્છા કરૂં છું.
પડિક્કમિઉં—પાપ કર્મથી દૂર થઇ જવાની. (કેમકે)
ઇરિયા—રસ્તામાં
વહિયાએ—ચાલતી વખતે (બેભાનીપણાને લિધે)
૨ વિરાહણાએ*-કોઇ પણ જીવને, વિરાધના (પીડા) ક-
રિ હોય. (તે જેમકે)
૩ ગમણાગમણે*-રસ્તામાં જતાં આવતાં.
પાણક્કમણે—પ્રાણીનં[1] કચર્યા હોય, (અહીં સર્વ પ્રા-
ણી ગણવાં) ૧
બીયક્કમણે—કાચાં બીજ (જે વાવ્યાં ઉગે તેવા દા-
ણાને) કચર્યા હોય, ૨
હરિયક્કમણે—હરિકાય (લીલી વનસ્પતી) કચરી હોય; ૩
ઉસા—ઝાકળ. ધુંવાર અને ઠારનું પાણી; ૪
ઉત્તિંગ—કીડીઆરા વીગેરે ભુયા જીવનાં દર; ૫

---

૧ પાંચ ઇંદ્રિઓ અને મનબળ, વચન બળ, કાયબ ળ, શ્વાસોશ્વાસ, અને આયુષ્ય એ દશનું નામ પ્રાણ કેહવાય છે. તેમાથી એકંદ્રીને ચાર, બેરંદ્રીને છો, તેરંદ્રીને સાત; ચોરંદ્રીને આઠ, અસંજ્ઞી પચંદ્રીને નવ, અને સંજ્ઞી પચંદ્રીને દશ હોય છે, માટે પ્રાણ હોવાથી પ્રાણી જીવ કેહાય છે.

પણગ:—પાંચ વર્ણની, લીલ ફુલ અનંતકાય છે તે; ૬
દગ—કાચું પાણી; ૭
મટ્ટી—કાચી પંચરંગી માટી, ૮
મક્કડા—કરોળીયાના પડ અને.
સંતાણા—કરોળીયાના જાળામાં બેઠેલા જીવ; ૯
૪ સંકમણે*-(ઉપર કહ્યાં તે નવ પ્રકારના પ્રાણીને) કુ-
ચર્યા હોય વળી (એ શીવાય બીજે પ્રકારે.)
જેમે જીવા—ગારાથી જે કોઇ જીવની.
૫ વિરાહિયા-વિરાધના+ થઇ હોય; (તેમાં)
એગેંદીયા—એક ઇંદ્રિવાળા જીવ તે (પૃથ્વી, પાણી,
અગ્ની, વાયરો, વનસ્પતિ, કે જેને એકજ કાયા રૂપ
ઇંદ્રી હોય છે,૧
બે ઇંદિયા—બે ઇંદ્રીવાળા જીવ તે. (કીડા, પેરા, વી-
ગેરે કાયા. અને જીભવાળા.) ૨
તે ઇંદિયા—ત્રણ ઇંદ્રીવાળા જીવ તે (કીડી, મકોડા,
વીગેરે.
કાયા જીભ અને નાકવાલા) ૩
ચઊરિંદિયા—ચાર ઇંદ્રીવાળા જીવ તે (માખી તીડ,
વીગેરે કાયા, જીભ, નાક, અને આંખવાળાં) ૪
૬ પંચેંદિયા*—પાંચ ઇંદ્રીવાળા જીવ તે (નાર્કીદેવતા, મ-
નુષ્ય તિર્યંચ પંચદ્રી, કાયા, જીભ, નાક, આંખ, અને
કાનવાળા, ૫ (એ સર્વને)

+ હિંસા તથા પિડા.

અભિહયા—સામા આવતા. હણ્યા હોય;૧

વત્તિયા—ધુળે કરી ઢાંક્યા હોય; ૨

લેસિયા—ભિત તથા જમીન સાથે મશલ્યાં હોય; ૩

સંઘાઇયા—તેઓને શામ શામે અથડાવીને દુઃખ ઉપ-
જાવ્યું હોય; ૪

સંઘટ્ટિયા—માંહો માહે એક બીજા શાથે ઘસીને એક
પાશે. પીડા કરી હોય; ૫

પરિયાવિયા—તેઓનાં સઘળાં પાસા ઘસીને પીડા ક-
રી હોય; ૬

કિલામિયા—કિલામણા ઉપજાવવા માટે, માનસીક પી-
ડા કરી હોય. ૭

ઉદ્દવિયા—ત્રાસકો પાડયો હોય; ૮

ઠાણા—તેઓને રેહેવાના સુખ રૂપ ઠેકાણાથી;

ઠાણં—બીજા દુઃખ રૂપ ઠેકાણામાં;

સંકામિયા—મૂકીને દુઃખ ઉપજાવ્યું હોય; ૯

જીવિયાઓ—તેઓને જીવતરથી.

૭ **વવરોવિયા***—ચુકવ્યા એટલે માર્યા હોય; ૧૦

તસ્સ—તે (સર્વ પ્રકારના દુષ્ટ કર્મ કરવાથી.

૮ **મિચ્છામિ, દુક્કડં***—મને લાગેલા પાપ તેને નિષ્ફળ ક-
રવા માટે પશ્ચાતાપ કરૂં છું.

*પદ ૩૨, સંપદા ૮ તેના નામ. ૧ અંગિકાર સં-
પદા, ૨ નિમિત; ૩ સામાન્ય હેતુ. ૪ વિશેષ હેતુ, ૫ સં-
ગ્રહ હેતુ. ૬ જીવ સંપદા, ૭ વિરાધના, ૮ પડીક્કમણું. તે-

મા ૬–૭–૮ મી ચુળિકા ગણાય છે. અક્ષર ૧૫૦, ગુરૂ. ૧૨, લઘુ ૧૩૮

પાઠ ૪ ગો તસ્સ ઉતરીનો.

૧ તસ્સ*–તે (ઇરિયા વહીમાં કહેલા પ્રમાણે આળોવેલા પાપની)

ઉત્તરી, કરણેણં—વિશેષ આળોયણ કરીને આત્માને શુદ્ધ કરવા (અથવા)

પાયછિત કરણેણં—લાગેલાં પાપને છેદવા એટલે કાપી નાંખીને.

વિસોહી, કરણેણં—આત્માને વધારે નિર્મળ કરવા માટે (તેમજ)

૨ વિસ્સલિ, કરણેણં*–પોતાના અંતઃકરણમાં માયા કપટ, નિયાણું[1] અને મિથ્યાત[2] એ ત્રણ સલ્ય હતા તેનું નિવારણ કરવા (તથા)

પાવાણં—અઢાર પ્રકારના પાપ અને.

કમ્માણં—આઠ પ્રકારના કર્મ, (એ સર્વને)

૩ નિગ્ધાયણ*—ટાળવાને.

ઠાએ—અર્થ

ઠામિ, કાઉસ્સગં—કાઉત્સર્ગ કરૂં છું.[3] અર્થાત્ ઉપસર્ગ આવે તોપણ ત્રણ જોગને હલાવવા નહી (પરંતુ)

---

૧ ધર્મ ક્રિયાના ફળનો વહેમ. ૨ ખોટું. ૩ અસલ કાયા.

અન્નત્થ—તેમાં એટલી છુટ રાખું છું.

ઉસ્સસિએણં—ઉંચો શ્વાસ લેવાથી. ૧

નિસ્સસિએણં—નિચો નિશ્વાસ મૂકવાથી. ૨

ખાસિએણં—ઉધરસ આવવાથી. ૩

છિએણં—છીક આવવાથી. ૪

જંભાઇએણં—બગાસું આવવાથી. ૫

ઉડ્ડુએણં—ઓડકાર આવવાથી. ૬

વાયનિ સગ્ગેણં—અધો દુવારે વાયુ સરવાથી. ૭

ભમલિએ—ભમરી અથવા ચકરી આવવાથી. ૮

૪ **પિત્ત, મુછાએ***—પિત્ત માથે ચડતાં ઉલટી થવાને લીધે મુર્છા આવવાથી ૯

સુહુમેહિં—સુક્ષ્મ એટલે થોડુંક.

અંગ—શરિર (કાઉસ્સગ્ગમાં)

સંચાલેહિં—હલી જવાથી ૧૦

સુહુમેહિં—સુક્ષ્મ એટલે થોડીક.

ખેલ સંચાલેહિં—છાતીમાં બળખો તથા ગળફ ભરાઈ રહી હોય તેને જોરથી કાઢતાં હલી જવાથી ૧૧

સુહુમેહિં—સુક્ષ્મ એટલે થોડીક.

૫ **દિઠિ સંચાલેહિં***—આંખની નજર સ્થિર રાખતાં છતાં હલી જવાથી ૧૨.

એવં માઇએહિં—એ ઉપર કહ્યા તે બાર અને તે સિવાય દયા વગેરેના પ્રયોગ માટે બીજા પણ.

આગારેહિં—આગાર છુટ છે (અને તેમ થવાથી)

અભગ્ગો—લેશ માત્ર પણ ભાગે નહિ (તેમજ)
અવિરાહિઓ—સર્વથા ભાંગે નહિ (એવી રીતે)
૬ હુજ્જમે, કાઉસગ્ગો*—મારો કાઉસ્સગ પુરણ થજો.
જાવ—(તે) જ્યાં સુધી
અરિહંતાણં—અરિહંતનું નામ.
ભગવંતાણં—ભગવતનું નામ, અને
નમોક્કારેણં—નમોકારના પાંચ પદ કહીને.
૭ નપારેમિ*—(કાઉસ્સગ્ગ) ની સમાપ્તિ ન કરું,
તાવ—ત્યાં સુધી.
કાયં—મારી કાયાને.
ઠાણેણં—એક ઠેકાણે સ્થિર રાખુંછું (તેમજ.)
મોણેણં—મૌનપણે રહેવા માટે વચનને (તથા)
ઝાણેણં— પાપની આલોચના કરવારૂપ ધ્યાનમાં પ્રવેશ કરવા માટે મનને સ્થિર રાખીને.
૮ અપ્પાણં—મારા અશુભ સાવદ્ય જોગરૂપ આત્માને.
વોસિરામિ...તજુંછું=પાછો વાળુંછું.

*પદ ૩૩, સંપદા ૮ તેના નામ. ૧ અંગિકાર; ૨ નિમિત, ૩ હેતુ સં. ૪ એક વચન આગાર; ૫ બહુ વચન આગાર. ૬ બાહ્યાજ કારણ આગાર, ૭ કાઉસ્સગ્ગ મર્યાદ, ૮ સ્વરૂપ, અક્ષર ૧૯૨, ગુ ૨૧, લ. ૧૭૨.

પાઠ ૫ મો ૧લોગસ્સનો.

લોગસ્સ—(ખટ[2]દ્રવ્યરૂપ)લોકને વિશે.

ઉજ્જોયગરે—[3]ઉદ્યોતના કરનાર.

ધમ્મ—[4]સુત્ર અને [2]ચારિત્ર ધર્મ, (તથા)

તિથ્થયરે—(સાધુ, સાધવી, શ્રાવક, શ્રાવિકા એ ચાર) તિર્થના સ્થાપનાર; (વળી)

જીણે—રાગ દ્વેષને જીતીને.

અરિહંતે—કર્મરૂપ શત્રુને હણ્યા (તેથી)

કિત્તઇસ્સં—કીર્તિ એટલે સ્તુતિ કરવાલાયક છે. (માટે)

ચઉવિસં,પિ—(તેવા) ચોવીશ તિરથંકર અને તે સિવાય બીજા પણ.

કેવળી—જીન એટલે સામાન્ય કેવળ જ્ઞાનીઓ (તેમનાં નામ સાથે સ્તવન કરૂંછું.)

ઉસભ—(પેહેલા) રિષભદેવ સ્વામિ અને.

મજિજય, ચ, વંદે—(બીજા) અજીતનાથ સ્વામીને વંદુછું. (તેમજ)

સંભવ—(ત્રીજા) સંભવનાથ સ્વામી.

---

૧ આ પાઠ દર્સનાચારની વિશુદ્ધતા કલ્પવાનો હેતુછે.

૨ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાસ્તિકાય, પુદગળાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ એ છો પદાર્થો એક જગામાં ભેળા રહે છે માટે ખટદ્રવ એવા નામથી ઓળખાતો લોક. ૩ પ્રકાશ.

૪ શાસ્ત્રનો ઉપદેશ. ૨ સાધુ તથા શ્રાવક પાળે તે ધર્મ

અભિનંદણું,ચ—(ચોથા) અભિનંદ સ્વામી.
સુમઇં,ચ—(પાંચમા) સુમતિનાથ સ્વામી.
પઉમપ્પહં—(છઠ્ઠા) પદ્મપ્રભ સ્વામી.
સુપાસં—(સાતમા) સુપાર્શ્વનાથસ્વામી.
જિણં,ચ—એ સર્વે રાગ દ્વેષ જીત્યાંછે તેથી તેમને (તથા)
ચંદપહંવંદે—(આઠમા) ચંદ્રપ્રભ સ્વામીને વંદુંછું.
સુવિહિં,ચ,પુફ્ફદંત—(વળી નવમા) સુવધિનાથસ્વામી
અને (તેમનું બીજું નામ પુષ્પદંત છે તેમને (તથા)
શિયળ—(દશમાં) શિતળનાથ સ્વામી
સિજ્જંસ—(અગ્યારમા શ્રેયાંસનાથ સ્વામી.
વાસુ પુજ્જંચ—(બારમા) વાસુપુજ્ય સ્વામી
વિમળ—(તેરમા) વિમળનાથ સ્વામી
મણંતં, ચ—(અને ચૌદમા) અનંતનાથ એ સર્વ,
જિણં—રાગ દ્વેષના જીતનાર છે તેથી તેમને (તથા)
ધમ્મં—(પંદરમા) ધર્મનાથ સ્વામી
સંતિ, ચ, વંદામિ—(અને સોળમા) શાંતીનાથસ્વામીને વંદું છું (તેમજ).

કુંથુ—(સતરમા) કુંથુનાથ સ્વામી
અરં, ચ (અઢારમા) અરનાથ સ્વામી
મલ્લિં—(ઓગણીશમા) મલ્લીનાથ સ્વામી (અને)
વંદે મુણિસુવ્વયં—(વીશમા) મુનીસુવ્રત સ્વામીને વંદું છું.
નમિ જિણં, ચ—(વળી એકવીસમા) નમીનાથ સ્વા-

મી જે કે રાગ દ્વેષના જીતનાર છે તેમને (તથા)

વંદામિ, રિઠનેમિ—(બાવીશમા) અરિષ્ટનેમી અથવા
 નેમનાથ સ્વામીને વંદૂં છું એમજ

પાસં, તહ— ત્રેવીશમાં) પાર્શ્વનાથ સ્વામી અને

વદ્ધમાણં ચ—(ચોવીશમા) વ્રદ્ધ[1]માન સ્વામીને.

એવં મયે—એવીજ રીતે મેં (વંદન કર્યુ હવે તેઓની)

અભિથુઆ—વિશેષ ગુણ કીર્તિ કરૂં છું (કેમકે)

વિહુય—તમોએ ટાળેલા છે.

રય[2] મલા[3] કર્મ રૂપી રજ તથા બાંધેલ કર્મ રૂપી
 મેલ; (તેમજ)

પહિણજર મરણા--જરા અને મરણના દુઃખ ખપા-
 વ્યા છે (માટે)

ચઉવિસં પિ—તમે ચોવીશ અને બીજા પણ.

જિણવરા—જીનવર=સામાન્ય કેવળ જ્ઞાની (તથા)

તિથ્થયરા—તિર્થંકર[4] દેવ (એ સર્વે)

મે, પસિયંતુ—મને, પ્રસંન્ન થાઓ? (કેમકે)

કિત્તિય—મે શુભ વચનને જોગે તમારી કીર્તી કરી,

---

૧ મહાવીર સ્વામિ ૨ થોડા કાળના શલ્પકર્મ ૩ ઘ-
ણા કાળના કર્મ સમુહ

૪ ચાર તિર્થંનુ સ્થાપન કરવાથી તિર્થંકર કેહેવાય મા-
ટે તિર્થંકર ત્રણ પ્રકારના છે. જઘન તિર્થંકર છદમસ્ત, મ-
ધ્યમ સામાન્ય કેવળજ્ઞાની, અને ઉત્કૃષ્ટ ચોવિસ તિર્થંકરો છે
તેના અહિ બીજાને ત્રિજા સમજવા.

વંદિય—શુભ કાય જોગે તમને વંદન કર્યું, (તેમજ)
મહિયા—શુભ મન જોગે મેં તમારી ભાવ પુજા ક-
રી છે (તેના હેતુથી.)
જે, લોગ્ગસ—જે ઉપર બતાવેલા લોકને વિષે.
ઉત્તમાસિદ્ધા—તમારૂં સર્વોતમ સિદ્ધ પદ,
આરૂગ્ગં—રોગ રહિત (તથા)
બોહિ,લાભં—સમકીત[१] બોધની પ્રાપ્તિવાળું;
સમાહિ,વર—શુદ્ધભાવ સમાધિ સહિત શ્રેષ્ટ છે;
સુતમં,દિંતુ—તે સર્વોતમ મને આપો. (તેમજ) વિ-
શેષ કરીને;
ચંદેસુ, નિમ્મલયરા—ચંદ્રમાના કિરણોથી પણ અ-
ધિક નિરમળ (અને)
આઇચ્ચેસુ, અહિયં, પયાસયરા—સુર્યના તેજથી
અધિક પ્રકાશ આપનાર (તથા)
સાગર,વર—સમુદ્રના જળથી પણ અધિક.
ગંભીરા—ગંભીર એટલે ઉંડુ અર્થાત અમાપ ? (એવુ)
સિદ્ધા—હે સિદ્ધ ભગવાન!
સિદ્ધં—તમારા જેવું મુક્તિ પદ.
મમ દિસંતુ—મને આપો.

*લોગસની ગાથા સાત, પદ ૨૮ તેની અઠાવિ સંપ-
દા ગણવિ. અક્ષર ૨૫૫, ગુ૦ ૨૮, લ. ૨૨૭. ૧ થોડા
કાળના સલ્પ કર્મ, ૨ ઘણા કાળના કર્મ સમુહ.

---

૧ તત્વજ્ઞાનમય.

પાઠ ૬ ઠો સામાયક[1] આદરવાની રીત.

દ્રવ્યથકી--સમતા રૂપી ઉત્તમ વસ્તુનો સ્વભાવ ગ્રહણ કરવા બાદ.

સાવજ્જ--પાપની સાથે.

જોગ—જોડાઇને.

શેવવાના--તે કૃત્ય કરવાનો.

પચ્ચખ્ખાણ--ત્યાગ કરૂં છું (તે)

ક્ષેત્રથકી—જમીનથી.

આખાલોક પ્રમાણે--ચૌદરાજ લોકના કર્મની આવક (અને)

કાળથકી--તેનો વખત.

બેઘડીસુધી--બે ઘડી સુધીનો અથવા તે ઉપરાંત સ્થાર ભાવ રહે ત્યાં સુધી.

ભાવથકી—મારા શુદ્ધ અંતઃકરણે કરીને.

છ કોટીએ--છ પ્રકારે.

પચ્ચખ્ખાણ--બંધી કરૂં છું.

૧ કરેમિભંતે*—હે પુજ્ય! (ઉપરની રીતે)

સામાઇયં--સમતા ભાવની આયક એટલે આવાદાની રૂપ લાભ એવું સામાયક કરીને.

૨ સાવજ*--પાપકારી પદાર્થોમાં.

---

૧ આ પાઠ ચારિત્રા ચારની વિસુદ્ધતા કલ્પવાનો હેતુ રૂપ છે.

જોગં—જોડાયલા મારા મન વચન કાયાની.

પચ્ચખામિ—બંધી કરૂં છું.

જાવ—તે જ્યાં સુધી.

નિયમ—હદની કલ્પના કરી છે ત્યાં સુધી;

પજ્જુવા સામિ—તેનું શેવન એટલે આરાધન કરૂં છું.

૩ **દુવિહં**—તે બે કરણને.

તિવિહેણ—ત્રણ જોગે.

નકરેમિ—હું કરૂં નહિ (પાપ અને) આ બે શબ્દોનું નામ " કરણ " કહેવાય છે.
નકારવેમિ—બીજા પાસે કરાવું નહિ તે

મણસા—જેમકે) મનની કલ્પના કરીને, આ ત્રણ શબ્દોને જોગ કહેવાય છે.
વયસા—વચન બોલીને,
કાયસા—કાયાને અજોગ રીતે ચલાવીને

તસ ભંતે—તે સર્વને હે પુજ્ય?

પડિક્કમામિ—તજું છું અથવા છાંડુ છું.

૪ **નિંદામિ***—(તેમજ) તેવા પાપના કૃત્યને ધિક્કારીને.

ગરહામિ—ગુરૂની શાક્ષીએ ઉત્તમ સ્વભાવ ગ્રહણ કરૂં છું.

૫ **અપ્પાણં**—અને અશુભ જોગમાં જતા આત્માને.

વોસિરામિ—તજું છું એટલે વેગળો થાઉં છું.

*પદ ૧૦, સંપદા ૫, તેના નામ ૧ અનુજ્ઞાસં, ૨ પ્રત્યાક્ષા નં ૩ સાવદ્ય મર્યાદ સં ૪ નિવર્તન સં. ૫ સ્વરૂપ સં. અક્ષર ૭૬, ગુ. ૫, લ. ૭૧. કરેમી ભંતેથિ ગણવી.

પાઠ ૭ મો નમોથ્થુણનો.

૧ નમો થ્થુણં*—સ્તવના પૂર્વક નમસ્કાર કરૂં છું (૧)
અરિહંતાણં—અરિહંત દેવોને (તથા) (૨)
ભગવંતાણં—ભગવંતને (કારણ કે, તમે) (૩)
૨ આઇગરાણં—સુત્ર તથા ચારિત્ર ધર્મની આદિ કરી,(૪)
તિથ્થયરાણં—ચાર તિર્થનું સ્થાપના કરનાર છો. (૫)
સયંસબુદ્ધાણં—પોતાની શક્તિવડે તત્વજ્ઞાન મેળવીને,(૬)
૩ પુરિસોત્તમાણં*—જગતના સર્વ પુરૂષોમાં ઉત્તમ થયા છો. (૭)
પુરિસસિહાણં—સર્વ પુરૂષવર્ગમાં સિંહ સમાન (અને)(૮)
પુરિસવરપુંડરિયાણં—પુરૂષરૂપ કમળોમાં ઉજ્વળ પુંડરીક કમળ જેવા છો. (૯)
પુરિસવરગંધહથ્થીણં—પુરૂષરૂપ હાથીમાં પ્રધાન ગંધહસ્તી સમાન (તથા) (૧૦)
૪ લોગુત્તમાણં*—સર્વ લોકમાં ઉત્તમ એટલે દ્રવ્યપ્રાણને અભાવે સુખ, સત્તા, ચૈતન્ય, અને બોદ્ધ એ ચાર પ્રાણવાળા છો. (૧૧)
લોગનાહાણં—સર્વ લોકમાં ધર્મના નાયક થઇને, (૧૨)
લોગહિયાણં—સર્વ લોકને હિત કરનાર છો. (૧૩)
લોગપઇવાણં—લોકના હૃદયરૂપ ઘરમાં દિપક સમાન છો; (અને તેમજ) (૧૪)
લોગપજ્જોયગરાણં—સર્વ લોકને સુર્ય કિરણ જેવો પ્રકાશ આપનાર છો. (૧૫)

૫ અભયદયાણું*—(વળી) અભય દાન દેનાર, (૧૬)
ચખ્ખુદયાણું—ભવ્ય જીવને જ્ઞાન ચક્ષુના દેનાર, (૧૭)
મગ્ગદયાણું—ભુલ્યા ભવીને મોક્ષ માર્ગ બતાવનાર, (૧૮)
સરણદયાણું—*ત્રિવિધ તાપનો ડર રાખે તેને શરણે રાખનાર. (૧૯)
જીવદયાણું—સંજમરૂપ જીવતરના દેનાર, (૨૦)
બોહિદયાણું—સમકિત બોધના દાતાર, (૨)
૬ ધમ્મદયાણું*—ભવ સમુદ્રથી તરી શકાય તેવા ધર્મના દાતાર (અને) (૨૨
ધમ્મદેસિયાણું-તેવાજધર્મનો ઉપદેશ કરનાર(તથા)(૨૩)
ધમ્મનાયગાણું—પ્રથમથી ધર્મ પ્રવર્તક માટે નાયક છો. (વળી) (૨૪)
ધમ્મસારહિણું—ધર્મરૂપ રથના સારથી, (અને, (૨૫)
ધમ્મવરચાઉરંત—ધર્મમાં શ્રેષ્ટ હોવાથી ચાર [1]ગતિરૂપ દિશાઓનું.
ચક્કવટીણું—અંત કરવા માટે ચક્રવર્તિની રીતે અપાર શક્તિનો દેખાવ આપનાર છો. (૨૬)
દીવો—સંસાર સમુદ્રમાં બુડતાં ભવીને દ્વિપ સમાન
તાણું—દુઃખના સમુદ્રમાંથી બચાવ કરનાર, (૨૮)
સરણ—[2]ભવનો ભય રાખનારાઓને આશ્રય આપના-

---

* જન્મ, જરા અને મરણ.

૧ નર્ક ગતિ, ત્રિયંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ.

૨ જન્મજરા, અને મરણને.

૨ (તથા) ૨૯

ગઇ--ચારગતિનાં જીવને જ્ઞાન પ્રગટ કરવાને કારણિક (અને ૩૦

૭ પઇટ્ઠા--*સંસારમાં ધસી પડતાં જીવને આધાર ભૂત છો. (તેમજ) ૩૧

અપડિહયવરનાણું--કોઈ પદાર્થથી અટકે નહિ એવા જ્ઞાન અને.

દંસણધરાણં—દર્શનના ધરનાર, (તથા) ૩૨

વિયટ્ટછઉમાણં--છદ [1]મસ્ત પણાનું ક્ષય કરી કેવળ-જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. (૩૩)

૮ જીણાણં*---રાગદ્વેષરૂપ વૈરીને જીતીને (૩૪)

જાવંયાણં—બીજાને જીતાવનાર. (૩૫)

તિન્નાણં—ભવરૂપ સમુદ્રથી તરીને (૩૬)

તારયાણં—બીજાને તારનાર. (૩૭)

બુદ્ધાણં—પોતાની મેળે તત્વજ્ઞાન પામીને. (૩૮)

બોહિયાણં—બીજાને તત્વજ્ઞાન આપનાર. (૩૯)

મુત્તાણં—બાહ્ય અને અભ્યંતર એ બે બંધનથી મુક્ત થઈને (૪૦)

મોયગાણં—બીજાને મુક્ત કરનાર (૪૧)

સવ્વન્નુણં--આ જગતના સર્વ પદાર્થને જ્ઞાનથી જાણનાર (અને) (૪૨)

સવ્વદરિસિણં--જાણ્યા છે તે સર્વને દેખાડનારછો.(૪૩)

---

1 ક્રોધ, માન માયા, લોભ, રાગ, દ્વેષ.

સિવ—તમારા પદમાં કાંઇ પણ ઉપદ્રવ નથી (૪૪)
મયલ—તમારા પદમાં સ્થિર છો એટલે અચળછો- (૪૫)
મરૂઅ—તમે રોગ રહિત છો; કારણ કે તમારે શરીર નથી. (૪૬)
મણુત—તમારો અંત નથી કારણ કે તમે અનંત શક્તિવાન છો (૪૭)
મખય—તમારો ક્ષય નથી, કારણ કે તમે હમેશા અખંડ છો (૪૮)
મવ્વાબાહ—તમારે પીડા નથી, કારણકે તમે કર્મ રહિત છો. (૪૯)
મુ,પુણુ રાવત્તિ—તમારે ફરી અવતાર નથી, કારણ કે તમે જન્મ મરણક્ષય કર્યા છે. (૫૦)
સિદ્ધિગઇ—તમારી સિદ્ધ ગતિ છે (તેનું*) (૫૧)
નામધેય—તમારૂ અમર નામ છે (અને તેનુ* (૫૨)
ઠાણંસંપત્તાણં—સ્થાનક તમે પામ્યાછો (અને) (૫૩)
નમો,જીણાણં—રાગ દ્વેષના જીતનાર છો તેથી નમસ્કાર કરૂં છું (૫૪)

* પદ ૩૬ સંપદા ૯. તેના નામ ૧ સ્તોત્ર સંપદા ૨ સામાન્ય હેતુ, ૩ વિશેષ હેતું, ૪ ઉપયોગ હેતુ, ૫ તદહેતુ, ૬ વિશેષ ઉપયોગ હેતું ૭ સ્વરૂપ, ૮ તુલ્યહેતુ ૯ સ્વપદહેતુસંપદા અક્ષર ૩૧૪, ગુ. ૩૪ લ. ૨૮૦

સામાયક પાળવાની વિધિ.

એહ્વા નવમા સામાયકવ્રતના—ઉપરની વીધી મુજબ આદરેલા મારા સમતા રૂપ નવમા સામાયકવ્રતને વિશે.

પંચઅઇયારા——પાંચ જાતના અતિચાર એટલે ભગવાન દોષને

જાણીયવા——મારે જાણી લેવા પણ

નસમાયરિયવ્વા—તે આદરવા નહી એટલે તે દોષ સેવવા નહિ

તંજહાતે આળોઉ——તે દોષના નામ આળોઉ એટલે કહી બતાવુ છું.

મણદુપ્પડિહાણે——જે સ્થીર કરેલું મન, તેને પાપમાં ચલાવ્યુ હોય [તેમજ]

વયદુપ્પડિહાણે——વચનને ચલાવ્યું હોય

કાયદુપ્પડિહાણે——કાયાના જોગને પણ ચલાવ્યુ હોય. (અથવા)

સામાઇયસ્સસઇ——મારૂં સમતારૂપ સામાયક

અકરણયાયે—બરાબર કીધું કે નહી તેના ખરા ખબર રાખ્યા ન હોય,

સામાઇયસ્સ——સામાયકને

અણવઠિયસ્સકરણયાએ——પુરૂં થયા વિના છોડવાની ક્રિયા કરી હોય;

તસ્સ—તે (સર્વ દુષ્કૃત્યથી)

મિચ્છામિ,દુક્કડં—મને લાગેલાં પાપ તેને નિષ્ફળ કરવા માટે તેનો પશ્ચાતાપ કરૂં છું.

સામાયકંસમકાએણં—સામાયક કાયા વીગરે ત્રણ શુભ જોગથી.

ફાસિયં—જેવે ભાવે આદર્યું

પાલીયં—તેવે ભાવે પાળ્યું

તિરિયં—તેવેજ ભાવે પાર પહોંચાડયું.

કિત્તિયં=-(વળી) કિર્તી કરવા સાથે.

* **સોહિયં**—શુદ્ધ સામાયકનું

આરાહિયં—આરાધન કર્યું છે. (તેમ છતાં)

આણાએ—વિતરાગદેવની આજ્ઞા મુજબ

અણુપાળિતા—જેવે ભાવે લીધું તેવે ભાવે ન પાળ્યું [અથવા]

નભવઇ—તે પ્રમાણે ન વરતાયું હોય તો

તસ્સમિચ્છામિદુક્કડં—તે સર્વ ખોટાં કૃત્યને પશ્ચાતાપૂર્વક નિષ્ફળ કરૂં છું.

સામાયકમાં દશ[1] મનના, દશ વચનના, બાર કાયાના, એ બત્રીશ દોષ માંહેલો જે કોઈ દોષ લાગ્યો હોય તો તસ્સમિચ્છામિદુક્કડં.

---

૧ મનના દોષથી અભ્યંતર કર્મની સ્નિગ્ધતાથી બંધાય છે. અને વચનના તથા બારકાયાના દોષ સેવવાથી બાહ્ય કર્મ બંધાય છે.

સામાયકમાં સ્ત્રી કથા, ભતકથા, દેશકથા, રાજકથા, એ ચાર કથામાંથી કોઇ કથા કરી હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

સામાયકવિધિએ લીધું, વિધિએ પાળ્યું, વિધિએ કરતાં અવિધિએ થયું હોય તો તસ્સમિચ્છામિદુક્કડં

સામાયકમાંઅતીકરમ—સામાયકમાં સાવદ્ય એટલે ત્યાગ કરેલું પાપ કરવાનું મન કર્યું હોય તથા

વત્તિકરમ--પગલું ભર્યું હોય (તેમજ)

અતિચાર—તે વસ્તુનો સ્પર્શ કીધો હોય

અણાચાર-- તેમ કરીને તેનો) ભોગોપભોગ કર્યો હોય (તે)

જાણતા અજાણતાં મન, વચન, કાયાએ કરીને કોઇ દોષ લાગ્યો હોય તો તસ્સમિચ્છામિદુક્કડં.

સામાયકમાં કાનો, માત્ર, પદ, અક્ષર, ઓછું, અધિકું, વિપરિત ભણાણું હોય તો અનંત સિદ્ધ કેવળીની શાખે માહરે તસ્સમિછા મિ દુક્કડં.

સામાયક આદરવાની તથા છોડાવવાની વિધિ.

પાંચ હાથનું શુદ્ધ વસ્ત્ર પડી[1]લેહણ કરી પહેરવું, અને સાડાપાંચ હાથનું ઓઢવું ગોચ્છાવતી જમીન પુંજી[2] કટાસણું[3] જોઇને પાથરવું. મુહપતી[4]જોઇ પુંજી બાંધવી

૧ વસ્ત્ર વિગેરે ધર્મોપકરણને નજરે જોવા, ૨ પછી તે ઉપર ચડેલા જીવોને ઉતારવા ગોચ્છો ફેરવો ૩ પાથરવાનો આસન ૪ મોઢે જતના રાખવાને આડપડતુ વસ્ત્ર

મોઢા તથા રજોહરણનું પડીલેહણ કરવું, અને લધુનીત વડીનીતનું ભાજન જોઇ રાખવું કટાસણાથી નીચે, અને ઉતર પૂર્વ તથા ગુરૂ સામે ઉભા રહી નમોકાર ગણી તિખુત્તાનો પાઠ ભણી વંદન કરવું. પછી ઇરિયાવહીને તસ્સ ઉત્તરીનો પાઠ ભણી એક ધ્યાને સ્થિર થઇને ઇરીયાવહીનો કાઉસગ્ગ મૌન્ય થઇને કરવો; અને નમોકાર કહી પાળીને લોગસ્સ ભણવો. પછી ત્રણ વખત વિધિ સાથે વંદણા કરી સામાયકવ્રતની આજ્ઞા માગીને આદરવાની વિધિનો પાઠ ભણવો. પછી પગ પુંજી કટાસણાં ઉપર જમણુ ઢીંચણ ઢાળી, ડાબુ ઢીંચણ ઉચુ રાખી, બે હાથ જોડી સિદ્ધ અરિહંતને. ગુરૂની સ્તવના માટે ત્રણ નમોથુણં ભણીને એક ધ્યાને સજાય કરવી અર્થાત ભણેલા શાસ્ત્ર જ્ઞાનનો પાઠ કરવો.

આદરવાની રીતે છોડાવવામાં વિધિ કરવી તેમાં આદરવાને ઠેકાણે સામાયક પાળવાની વિધિ ભણીને ત્રણ નમોથુણં ભણવા-

સમાપ્ત.

(પંચ પરમેષ્ટીના એક સોને આઠ ગુણ.)

અરીહંતાના—બાર ગુણ વિષે.

૧ દેવ કૃત્ય આસોપાલવ ભગવાનથી બારગુણો ઉંચો થઇ આવે;

૨ જળમાં અને પૃથ્વી ઉપર ઉપજેલાં હોય તેથી અ-
ધિક તેજસ્વી દેવ કૃત્ય પંચરંગી પુષ્પોની ઢીંચણ પ્રમાણે
વૃષ્ટી થઇ આવે.

૩ ભગવંતના સ્વરમાં ઇંદ્ર સ્વર પૂરાવે તેથી અમૃત
સરખો ધર્મોપદેશ સર્વને પ્રીય લાગે.

૪ ચોવીશ જોડી ચામર પોતાના આપથી વીંઝાય તે-
મ જોનારાઓની દ્રષ્ટીએ આવે.

૫ કુદરતી અને આશ્ચર્યકારક સિંહાસન બની આવે
તે પર બેશી બોધ કરે.

૬ અશોકાને ઠેકાણે સૂર્ય કિર્ણથી અધિક, તેજોમય
ભામંડળ થઇ આવે તેના પ્રભાવથી ચાર મુખ દેખાય.

૭ દેવ દુંદુભિ વીગરે સાડાબાર કરોડ વાજિંત્રનો ગ-
ગન મંડળમાં નિર્ઘોષ શબ્દ થાય.

૮ મસ્તક ઉપર કુદરતી અને આશ્ચર્યકારક ત્રણ છ-
ત્ર બની આવે (એ આઠ ગુણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી
પ્રગટ થાય છે.)

૯ અપાય--દ્રવથી સર્વ રોગ શાંત થયેલા છે અને
ભાવથી અઢાર દોષ, તે જેવા કે (પાંચ અંતરાય, હાસ્યા-
દી છો, અને કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિદ્રા, અવ્રત, રાગ
અને દ્વેષ) એ અઢાર પોતાની શક્તિથી ક્ષય થયા છે.

૧૦ જ્ઞાનાતિસય--સર્વ પદાર્થો જાણે અને દેખે.

૧૧ પૂજાતિસય—નરસુર અને ઇંદ્ર વિગેરેના પૂજનીક.

૧૨ વચનાતિસય—બાર જાતની પરિખદાને અદભૂત

રસ ઉપજે તેવી વાણીનો પ્રકાશ કરે (આ ચાર અતીશય જન્મથીજ હોય છે.)

સીદ્ધજીના ગુણ વિષે.

૧ જ્ઞાનનું આવર્ણ ક્ષય થવાથી અનંતુ જ્ઞાન ગુણ પ્રગટ થયું.

૨ દર્શનનું આવર્ણ ક્ષય થવાથી અનંતુ દર્શન ગુણ પ્રગટ થયું.

૩ વેદની કર્મ ક્ષય થવાથી અનતુ અખંડસુખ પ્રગટ થયું.

૪ મોહનીકર્મ ક્ષય થવાથી અનંતુ ક્ષાયક સમકિત ગુણ પ્રગટ થયું.

૫ આઉખા કર્મ ક્ષય થવાથી અક્ષય સ્થિતિનું ગુણ પ્રગટ થયું.

૬ નામ કર્મ ક્ષય થવાથી પુદગળના બંધનનું નિકંદન થવા સાથે અરૂપી ગુણ પ્રગટ થયુ.

૭ ગોત્ર કર્મ ક્ષય થવાથી જગતના સન્માનથી છુટીને અનંત આત્મસન્માન રૂપ ગુણ પ્રગટ થયું.

૮ અંતરાય કર્મ ક્ષય થવાથી અનંતુ આત્મશક્તિનું બળ પ્રગટ થયું.

ઉપર બતાવેલા મુળ આઠ ગુણનું વિશેષણ કરતાં એક ત્રીશ ગુણ પણ કહેવાય છે.

આચાર્યજીના છત્રીશ ગુણ વિષે.

૫. પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષય જીતીને તેઓ ઉપરથી ઉત્પન્ન થતાં રાગ દ્વેષને અટકાવે.

૯ નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળે

૪ ચાર કષાયનું નિવારણ કરી ક્ષમા સ્વભાવમાં સ્થિર રહે.

૫ પાંચ મહાવ્રત પાળે.

૫ પાંચ આચાર-[૧] પોતે જ્ઞાનમાં સ્થિર થઇને પરને સ્થિર કરવા સાથે જ્ઞાનાભિલાશીને દેખીને મદદ કરવા ઉદ્યોગ કરે (૨) સમકિતમાં સ્થિર થઇ પરને સ્થિર કરે તથા તેમાં સ્થિર થતાને ભલું જાણે (૩) શુદ્ધ ચારિત્ર પાળે પળાવે અને પાળનો હોય તેમાં ભલું જાણે ૪) બારે ભેદે તપ કરે ને તપ કરતાને ભલુ જાણે. (૫) વિર્યાચાર એટલે ઉપર બતાવેલા ચાર સાધનમાં પોતાની શકિતવડે પૂરૂષાર્થ ચલાવે અર્થાત પ્રતીક્રમણ પ્રતિલેખણા, વીગેરે ધર્માનુષ્ઠાન કરતાં પ્રમાદ ન કરે.

૫ સુમતી શુદ્ધ પાળે

૩ ત્રણ ગુપ્તિમાં દેશથી સર્વથી અશુદ્ધ જોગની નિવાર્તિ કરે.

ઉપાધ્યાયજીના પચવીસ ગુણ વિષે.

૨૩ અગ્યાર અંગ અને બાર ઉપાંગ એવા સૂત્ર

ગ્નાન પોતે ભણે અને ભણાવે.

૧ (ચોવીશમો) ચર્ણસીતેરી—૫ મહાવ્રત, ૧૦ જ-ની ધર્મ, ૧૭ ભેદે સંજમ ૧૦ વયાવચ, ૯ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્ય, ૧૨ પ્રકારનુ તપ, અને ગ્નાન, દર્શન ચારિત્ર, સં-યુક્ત ક્રોધ, માન, માયા, કપટ, લોભ, એ ચારને જીત-વાની શક્તિ

૧ (પચીશમો) કર્ણગસ્તેરી=૪) અહાર, વિદ્યા, વ-સ્ત્ર, અને પાત્ર, એ ચાર અતિશય નિર્મળા ગ્રહણ કરે (૫) સુમતી, (૧૨) ભિક્ષુ પ્રતિમા, (૧૨) ભાવના, અને (૫) ઇંદ્રિઓનુ નિગ્રહ (૩) ગુપ્તી (૨૫) પ્રતીલેખણા, અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, એ ચારના પ્રવર્તન મુજેબ ચાલનાર.

સાધુજીના સત્તાવીશ ગુણ વિષે.

૬ રત્રીભોજન તથા પાંચ મહાવ્રત પાળે

૬ પૃથ્વી વીગેરે છકાય જીવોનું રક્ષણ કરે.

૬ પાંચ ઇંદ્રીઓ તથા લોભને જીતે એ મુજબ અઢાર

(૧૯) ક્ષમાવંત (૨૦) શુભ પરીણામથી ભાવમાં શુ-દ્ધિ (૨૧) બાહ્ય ધર્મોપગરણ વીગેરેની ઉપયોગ શુદ્ધ પ્રતિ લેખણા કરવા અટકે નહીં (૨૨) સંજમની આરાધના કરવામાં સુમતી અને ગુપ્તીનો ગુણ ગ્રહણ કરીને પ્રવર્તે (૨૩) ત્રિવિધયોગને સમી રીતે પ્રવર્તાવવા માટે અવિવેક, વિકથા, નિદ્રા પ્રમાદ, વીગેરે દુર્ગુણોમાં જતા અટકાવે (૨૪) કરણ એટલે સંજમની ક્રિયા શુદ્ધ કરે (૨૫) પ્રતિદિન સં-

મુદ્ર તરંગની જેમ વૈરાગ્યની લહેરમાં વૃદ્ધિ કરે (૨૬) ક્ષુધા તૃષાદિ બાવીશ પરિસહ સહન કરે (૨૭) મરણાંત સંખા પોતાનું ધૈર્ય ગુણ ન મુકે તેમજ સર્વ ઉપસર્ગ સહન કરે.

ઉપર મુજબ પાંચપરમેષ્ટીના "૧૦૮" ગુણ સમજી નવકાર વાળીમાં એકેક પારે એકેક ગુણનું સ્તવન કરવું એમ "૧૦૮" પારે સર્વ ગુણનું સ્તવન કરવું.

વંદન કરતાં દોષ ટાળવા વિષે.

૩૨ દોષ ત્યાગ કરી વંદન કરવું તે નીચે મુજબ.

(૧) અનાદૃત=આદર સન્માન વિના વંદન કરવું તે. (૨) સ્તબ્ધ=મદ અહંકારમાં જિદ્દપણે અકડ થઈ વંદન કરવું તે (૩) અપવિદ્ધ=જેમ ભાડુત ગાસ ઉતારી ભાડુ લઇ નાસે તેમ અવિધીએ વંદન કરી નાસવું તથા વંદન કરતાં આમ તેમ ફર્યા કરવું તે (૪) પરિપડીત=સર્વ સાધુને એકજ વાર આવર્ત, વ્યંજન, અને આલાપ, એકઠા ભણીને વંદન કરવું તે (૫) ઢોલ ગતિ=કુદીની ઉછળીને વંદન કરવું તે (૬) અંકુશ=અંકુશની રીતે રજોહરણ અવળચે ભરીને વંદન કરવું તે. (૭) કચ્છભરિંગીત=કાચબાની જેમ હાથ, પગ, ડોક, હલાવી વંદન કરવું તે. (૮) મત્સ્યોદ્વર્ત=મચ્છ જેમ જળમાંથી કુદી જળમાં ડુબકી મારે તેમ એકને વંદન કરી ઉતાવળો આમ રીતે બીજાને વાંદવું અથવા પાઠ પ્રછન્ન કરવું તથા રેચકાવર્તે વાંદવું તે.

(૯) મનઃપ્રદુષ્ટ=કોઇ સાધુમાં એકદ ગુણ ઓછો દેખવાથી ઈર્ષા રાખી વંદન કરવું તે (૧૦) વેદીકાબધ્ધ=બે ઢીંચણ ઉપર અથવા નીચે બે હાથ રાખીને, તથા બે હાથ ખોળામાં રાખીને વંદન કરવુ અથવા બે હાથ વચ્ચે બે અથવા એક ઢીંચણ રાખીને વંદન કરવું (૧૧) ભંજન= કોઇક વિદ્યા મંત્રાદિક શીખવાની લાલચે અથવા વંદન નહિ કરવાથી રોષ કરશે એવી દેહેશત રાખી વંદન કરવું (૧૨) ભય—વંદન નહી કરવાથી ગચ્છ બહાર મુકશે અથવા સભામાં આક્રોશ વચન કહી માન ભ્રષ્ટ કરશે એવી બીકથી વંદન કરવુ તે (૧૩) ગારવ=વિગત સહિત વંદન કરવાથી ડહાપણદાર અને પ્રવિણ ગણાવવાના ગર્વથી વંદન કરવું તે (૧૪) મિત્ર-પ્રસ્તપણથીજ મિત્ર હોવાને લીધે વાંદવા જોઇએ એમ ધારીને વંદન કરવું તે (૧૫) કારણ=જ્ઞાનદર્શનની વધ્ધી થવાના કારણ સિવાય બીજી રીતે વસ્ત્રાદિકની આશા કરીને વંદન કરવું તે. (૧૬) સ્તૈન્ય=પોતામાં ઓછા ગુણ હોવાને લીધે કોઇ દેખે તો નાનપ ગણાય એમ ધારી છુપી રીતે વંદન કરવું તે (૧૭) પ્રતનિક=મોટેરાઓને આહારાદિકના વખતમાં અટકાવી વંદન કરવું તે (૧૮) રૂષ્ટ—ક્રોધાકુળ થઇને વંદન કરવું તે (૧૯) તર્જિત=વિધિ તથા અવિધિએ વંદન કરતાં રોશ કરતા નથી અને એ ગુરૂ કાષ્ટ પૂતળા જેવાં છે એમ કહી આંગળીથી તર્જના કરી વંદન કરવું તે. (૨૦)=સઠ=માયા કપટથી વંદન કરવું અ-

